# બીજો વાર્ષિક અહેવાલ
# ૨૦૦૦ ~ ૨૦૦૧


## ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર,
આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

## ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષ માટે
## બીજો વાર્ષિક અહેવાલ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમમાળ, નેપ્ચ્યુન ટાવર્સ, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૬ અન્વયેની આવશ્યકતા પ્રમાણે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માટે, આયોગ બીજો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે. ગુજરાત વીજળી નિયંત્રક આયોગે વર્ષ દરમિયાન કરેલ પ્રવૃતિઓનો સારાંશ.

એમ.ડી. માંકડ
આઈ.એ. એસ.

સચિવ
ગુજરાત વીજળી નિયંત્રક આયોગ વતી,

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ - અમદાવાદ-૯

## ૧. પ્રાસ્તાવિક

ગુજરાત સરકારે એના તા.૧૨ નવેમ્બર, ૧૯૯૮ના જાહેરનામાથી ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૧૭ હેઠળ ગુજરાત વીજળી નિયંત્રક આયોગ (ગુ.વી.નિ.આ)ની રચના કરી છે અને ગુજરાત વીજળી નિયંત્રક આયોગે તા. ૧.૪.૧૯૯૯ થી કામગીરી શરૂ કરી છે.

## ૨. આયોગ અને તેનું સચિવાલય

### ૨.૧ આયોગ

આયોગ અધ્યક્ષ અને બે સભ્યોનું બનેલું વૈધાનિક મંડળ છે.વર્ષ ૨૦૦૦-૨૦૦૧ દરમ્યાન અયોગની રચના આ પ્રમાણે હતી.

| | | |
|---|---|---|
| ૧. ન્યાયમૂર્તિ ડી. જી કારિયા | અધ્યક્ષ | તા. ૦૧-૦૪-૨૦૦૦ થી ૨૭-૧૧-૨૦૦૦ |
| ૨. શ્રી બી.એમ.ઓઝા | પ્રભારી અધ્યક્ષ | તા. ૨૮-૧૧-૨૦૦૦ થી ૩૧-૦૩-૨૦૦૧ |
| ૩. શ્રી બી.એમ.ઓઝા | સભ્ય | તા. ૦૧-૦૪-૨૦૦૦ થી ૩૧-૦૩-૨૦૦૧ |
| ૪. શ્રી આર.કે.શર્મા | સભ્ય | તા. ૧૯-૦૪-૨૦૦૦ થી ૩૧-૦૩-૨૦૦૧ |

તા. ૧૯-૪-૧૯૯૯ના રોજ અધ્યક્ષ તેમજ સભ્યોને મુખ્યમંત્રીશ્રીએ સોગંદ લેવડાવ્યા હતા.

### ૨.૨ આયોગનું સચિવાલય

શ્રી એસ.એન.વસીટા. નાયબ નિયામક(વહીવટ) એ સચિવનો હવાલો ધરાવ્યો હતો.

**૨.૨.૧ રાજય સરકારે એના તા.૨ જી ડિસેમ્બર ૨૦૦૦ ના ઠરાવ અનુસાર આયોગની સુચારુ કામગીરી માટે આયોગના સ્ટાફની સંખ્યા કુલ ૩૫ ( પરિશિષ્ટ - ક માં વિગતો આપી છે) કરીને વધારાની ૧૧ જગ્યાઓ મંજુર કરી છે.**

## ૩. આયોગની કામગીરી

૩.૧ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમનું પ્રકરણ-૫ રાજ્ય આયોગની સત્તા અને કામગીરી અંગે છે.કલમ ૨૨(૧) નીચે પ્રમાણે છે. પ્રકરણ ૩ ની જોગવાઈઓ ને અધીન રહીને રાજ્ય આયોગ નીચેની કામગીરીઓ બજાવશે જેમ કે.

(ક) કલમ ૨૯માં જોગવાઈ કરેલી પદ્ધતિએ, યથાપ્રસંગ, વીજળી માટે જથ્થાબંધ, થોકબંધ ગ્રીડ અથવા છુટક માટે વીજદર નક્કી કરવો.

(ખ) કલમ ૨૯માં જોગવાઈ કરેલ પદ્ધતિમાં પ્રવાહન વીજદરનો સવલતોના ઉપયોગ માટે ચૂકવવા પાત્ર વીજદરનો નિર્ણય કરવો.

(ગ) રાજ્યમાં પ્રવાહન, વેચાણ,વિતરણ અને પુરવઠા માટે નિર્માણ કંપનીઓ, નિર્માણ મથકો અથવા અન્ય સાધનો પાસેથી વીજળી જે ભાવે પ્રાપ્ત કરવામાં આવશે તે ભાવ સહિત પ્રસારણ ઉપયોગીતાઓ અને વિતરણ ઉપયોગોની ખરીદી અને પ્રાપ્તી પ્રક્રિયા વિનિયમિત કરવી.

(ઘ) આ અધિનિયમના ઉદ્દેશો અને હેતુઓ હાંસલ કરવા વીજ ઉદ્યોગની પ્રવૃતિઓમાં સ્પર્ધા, કાર્યક્ષમતા અને અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવું વધુ ૧૯૯૮ના વીજળી નિયંત્રક અધિનિયમની કલમ-૨૨ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે રાજ્ય સરકારે તા. ૨૦નવે. ૧૯૯૮ના જાહેરનામા નં.જીએચયુ-૯૮-૫૬ ઈઆરસી ૧૨૯૮-જીઓઆઈ - ૩૦(૩) કે-થી રાજ્ય સરકારે રાજ્ય આયોગ પર નીચેની કામગીરી નિહીત કરી છે, જેમ કેઃ-

(ક) રાજ્યમાં વીજનિર્માણ, પ્રવાહન, વિતરણ અને પુરવઠા સંબંધી બાબતોમાં રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ખ) રાજ્યની અંદર વીજ-પદ્ધતિની કામગીરી વિનિયમિત કરવી.

(ગ) વીજ પ્રવાહન,થોકબંધ પુરવઠો, વિતરણ અથવા પુરવઠા માટે પરવાના આપવા અને પરવાનામાં સમાવિષ્ટ કરવાની શરતો નક્કી કરવી.

(ઘ) રાજ્યમાં વીજ-ઉદ્યોગમાં રોકાયેલાને પરવાનાઓની અને અ ય અધિકૃત કરેલી અને પરવાના આપેલ વ્યક્તિઓની કામગીરી વિનિયમિત કરવી અને કાર્યક્ષમ, કરકસરભરી રીતે અને સમન્યાય પદ્ધતિએ એમની કામગીરીમાં પ્રોત્સાહન આપવું.

(ચ) પરવાનેદારોએ, વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ પુરવઠા, ઉપયોગીતાના પ્રોત્સાહન તેમજ સેવાની ગુણવત્તા માટે અન્યો સાથે સમન્વય સાધી યથાર્થ આયોજન અને યોજનાઓ ઘડવી અને યોગ્ય વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયાની ગોઠવણ કરવી.

(છ) રાજ્યમાં વીજ ઉદ્યોગ તેમજ સેવાની ગુણવત્તા સાતત્યતા અને વિશ્વસનિયતા માટે ધોરણ નિર્ધારિત કરવા,

(જ) રાજ્યમાં વીજ ઉદ્યોગમાં સ્પર્ધામકતાને ઉત્તેજન આપવું અને ખાનગી ક્ષેત્રના સહયોગ માટે તક આપવી અને ગ્રાહકોને ન્યાયિક વ્યવહાર સુનિશ્ચિત કરવો.

(ઝ) સલામતીના ધોરણો નિયત કરવા અને અમલ કરવો.

(ટ) રાજ્ય વીજ નીતિ ઘડવા રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ઠ) વીજળીના નિર્માણ પ્રવાહન, વિતરણ અને ઉપયોગીતા સંબંધી માહિતી એકત્ર કરવી અને નોંધવી,

(ડ) રાજ્યમાં વિદ્યુતની માગણી અને ઉપયોગ અંગે માહિતી અને પૂર્વધારણા એકત્ર કરવી અને પ્રસિદ્ધ કરવી અને આવી માહિતી એકત્ર કરવા અને પ્રસિદ્ધ કરવા પરવાનેદારો માટે જરૂરી બનાવવી.

(ઢ) રાજયમાં વીજ ઉધોગ સંબંધી અને તેને લગતી અસ્કયામતો, મિલકતો અને મિલકતમાં હિત વિનિયમિત કરવું તેમજ વીજ ઉધોગમાં પ્રવેશ અને નિર્ગમ માટે જાહેર હિતની સલામતી અંગેની શરતો ઠરાવવી.

(ત) પરવાનેદારો અને ઉપયોગ કર્તાઓ વચ્ચેના વિવાદ અને મતમતાંતર પર ન્યાય નિર્ણય આપવો અને લવાદ માટે નિર્ણય કરવો,

(થ) પર્યાવરણલક્ષી નિયંત્રક એજન્સીઓ સાથે સંકલન કરવું અને રાજયમાં વીજ ક્ષેત્ર અને ઉપયોગ કર્તાઓના યોગ્ય પર્યાવરણ લક્ષી વિનિયમ માટે નિતિઓ અને કાર્યપદ્ધતિઓ તૈયાર કરવી.

(દ) આયોગને ઉલ્લેખેલ કોઈપણ અન્ય બાબત અંગે રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

## ૪. <u>રાજ્ય સલાહકાર સમિતિ</u>

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગના અધિનિયમની કલમ-૨૪ ઉર્જા ક્ષેત્રમાં વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ગ્રાહકો, બિન-સરકારી સંગઠનો અને શૈક્ષણિક તથા સંશોધન મંડળોના હિતનું પ્રતિનિધિત્વ કરવા ૨૧ સભ્યો કરતાં વધુ નહિ તેટલા સભ્યોની રાજ્ય સલાહકાર સમિતિ સ્થાપવા (રાજ્ય) આયોગને સતા આપે છે. આ જોતાં, આયોગે સલાહકાર સમિતિની રચના કરી છે. રાજ્ય આયોગના અધ્યક્ષ અને સભ્યો રાજ્ય સલાહકાર સમિતિના હોદ્દાની રૂએ અધ્યક્ષ અને હોદ્દાની રૂએ સભ્યો હતા.

## ૫. <u>વર્ષ દરમિયાન પ્રવૃતિઓ</u>

૫.૧ આયોગના અધિકારીઓ હૈદરાબાદના એએસસીઆઈના ભારતીય ઉર્જા તાલીમ કાર્યક્રમોમાં નિયમિત રીતે મોકલવામાં આવ્યા હતા અને વીજ ક્ષેત્ર સંસ્થાઓએ ગોઠવેલ વિવિધ કાર્ય શાખાઓ અને સેમિનારમાં નામ નિયુક્ત કરવામાં આવ્યા હતા જેથી તેઓ વીજ ક્ષેત્રમાં અદ્યતન વિકાસ સાધી શકે.

૫.૨ આયોગે તા. ૧૦-૧૦-૨૦૦૦ના રોજ ગુ.વિ.બો.ની ટેરીફ અરજી અંગે એવાર્ડ જાહેર કરેલ છે. વર્ષ ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન સૂરત વીજળી કંપની લિમિટેડ પાસેથી આયોગે ટેરીફ અરજી પણ મેળવી છે જે આયોગે પણ હાથ ધરી છે. આ બે ટેરીફ અરજીઓની વિગતો "ટેરીફનો નિર્ણય" શીર્ષક હેઠળ અનુગામી ફકરામાં આપેલ છે.

## ૬. <u>ટેરીફનો નિર્ણય.</u>

### ૬.૧ <u>ગુ.વિ.બો.ની ટેરીફ અરજી</u>

૬. ૧.૧ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૧૭(૧) અન્વયે આયોગની રચના કરવામાં આવી છે. ઉક્ત અધિનિયમની કલમ-૨૨ મુજબ આયોગની ફરજો અને કામગીરીઓ પ્રમાણે છે અને અધિનિયમની કલમ ૨૯ ટેરીફ અંગે નિર્ણય કરતી વખતે આયોગે અનુસરવા જરૂરી સિદ્ધાંતો પ્રમાણે ટેરીફનો નિર્ણય કરે છે. આ સિદ્ધાંતોની અધિનિયમની કલમ ૨૯ (૨)માં યાદી આપી છે.

૬.૧.૨ ૧૯૯૯ ના સપ્ટેમ્બરમાં ટેરીફની સુધારણા માટે ગુ.વિ.બોર્ડે એની દરખાસ્ત મોકલી છે. ૧૯૯૯ ૨૦૦૦માં આયોગે જદી જુદી સુનાવણી હાથ ધરી હતી. સેવાની ગુણવત્તા તેમજ પુરવઠાની સ્થિતિ અને ટેરીફ વિશે વિવિધ ગ્રાહક જૂથોના દ્રષ્ટિ બિંદુ સુનિશ્ચિત કરવા આયોગે આયોગની સલાહકાર સમિતિમાં આ બાબતની ચર્ચા કરી અને જુદા જુદા ગ્રાહકોના સંપર્ક કાર્યક્રમ યોજયા હતા. પાછળથી થયેલી જાહેર સુનાવણી ઉપરાંત આ પગલાં લીધાં હતા.

૬.૧.૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે આયોગે જાહેર સુનાવણી યોજી હતી અને વખતોવખત આપેલી જાહેરનોટીસના પ્રતિભાવમાં આયોગે ૭૫ ગ્રાહકો અને ગ્રાહક-સંગઠનો સાથે સુનાવણી હાથ ધરી હતી.

૬.૧.૪ ટેરીફ માળખાના સુયોજન અને સરલીકરણ સંબંધી મુખ્ય સૂચનો હતા. આયોગે સૂચનો સ્વીકાર્યા હતા અને જયા શક્ય હતું ત્યાં ટેરીફ માળખાનું સૂયોજન કર્યું હતું. પુરવઠાનો ખર્ચ ઓછો છે ત્યાં ઉચ્ચ વોલ્ટતાએ વીજ મેળવતા ગ્રાહકો અને જે રાત્રે વીજ વપરાશ કરે તેને રાતના આકર્ષક રિબેટ માટે વટાવ શરૂ કરાયા જે આ દિશાના પગલાં હતા.

૬.૧.૫ આખરે, ટેરીફ માળખું સરળ બનાવી અને ગુ.વિ.બો. પાસેથી વીજળીનો પુરવઠો મેળવનાર ગ્રાહકોની વિવિધ કક્ષાઓને લાગુ કરવા પાત્ર ટેરીફ નિયતકરી તા. ૧૦-૧૦-૨૦૦૦ ના રોજ ગુ.વિ.બો.ના સંદર્ભમાં આયોગે પ્રથમ ટેરીફ એવોર્ડ જાહેર કર્યા હતા.

૬.૧.૬ હાલના ટેરીફ તા. ૩૦ જૂન ૨૦૦૧ સુધી ચાલુ રાખવા અને વધુમાં ૩૦-૬-૨૦૦૨ સુધી મીટર ટેરીફના ઘટાડેલા દર આપીને મીટર પદ્ધતિને ઉતેજન આપવા પ્રાત્સાહકો પૂરા પાડી કૃષિ ગ્રાહકોને વધારાની સબસીડી મંજૂર કરવા સરકારે લીધેલ નિર્ણયની આયોગને જાણ કરતા એમના તા. ૨૪-૧૨-૨૦૦૦ના પત્ર નં.જીઈબી-૨૦-૨૦૦૦ ટેરીફ કે થી સરકારે ઊર્જા અને પેટ્રોલ વિભાગ મારફત આયોગનો સંપર્ક કર્યો હતો. વિભાગે ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૨૯ (૫) ની જોગવાઈઓ હેઠળ સબસીડીની ચુકવણીની પદ્ધતિ નિયત કરવા વિભાગે આયોગને જાણ કરી હતી.

૬.૧.૭ તદનુસાર, આયોગે ગુ.વિ.બોર્ડ અને ગુજરાત સરકારને સહિત તમામ પક્ષકારોને નોટિસ આપી સબંધીત પક્ષકારોને સાંભળ્યા પછી આયોગે તા. ૨૦-૧-૨૦૦૧ના જરૂરી આદે બહાર પાડેલાં હતા.

## ૬.૨ સૂરત વીજ કંપની લિ.એ આપેલી ટેરીફ અરજી

૬.૨.૧ સૂરત વીજ કંપની લિ.એ ૧૯૧૦ના ભારતીય વીજ અધિનિયમની કલમ ૨૮ હેઠળ મંજૂર કરેલ ધારક છે કુલ ૧૧૨ ચો.કી.મીના મ્યુનિસિપલ વિસ્તારની સરખામણીમાં સૂરત શહેરમાં માત્ર ૫૨ ચો.કી.મીને આવરી લેતો વિતરણ વિસ્તાર ધરાવે છે. કંપની ગુ.વિ.બો. પાસેથી વીજળી ખરીદે છે. મંજૂર કરેલ ધારકનો ટેરીફ ૧૯૯૮ના વિજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૨૯ અનુસાર નક્કી કરવાનો છે.

૬.૨.૨ તદનુસાર ૧૪ જૂન, ૨૦૦૦ના રોજ સૂરત વીજ કંપનીએ ટેરીફ અરજી આપી હતી અરજીની ચકાસણી પછી, સૂરત શહેરના ગ્રાહકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા. કુલ ૮૦ વાંધા/સૂચનો મળ્યા હતા. નવે. ૨૦૦૦ અને ફેબ્રુ ૨૦૦૧ વચ્ચે સુનાવણીઓ યોજવામાં આવી હતી ૨૦૦૦-૨૦૦૧ના નાણાકીય વર્ષ દરમિયાન અરજીનો નિકાલ કરી શકાયો નહિ અને આયોગના આખરી નિર્ણય માટે પ્રક્રિયા ચાલુ છે.

## ૬.૩ આયોગે આપેલા અન્ય હુકમો

૬.૩.૧ ઉપર જાણાવ્યા ઉપરાંત ૨૦૦૦-૨૦૦૧ના વર્ષ દરમિયાન આયોગે નીચેના એવોર્ડ પણ જાહેર કર્યા હતા.

(૧) બંધિત બીજ ઉત્પાદકો માટે સમાંતર કામગીરી ખર્ચની સુધારણા

(૨) પ્રેરણભઠ્ઠી (ઈન્ડકશન ફર્નેસ) (એચ.ટી.પી.-૪ ટેરીફ) કામે લગાડતી સ્ટીલ અને અન્ય ઉત્પાદન કરવા માટે ખાસ ટેરીફ

(૩) મરડીયા કેમીકલ્સ માટે ખાસ વીજ ટેરીફ

(૪) તત્કાળ યોજના અન્વયે વીજ જોડાણો

(૫) ભૂકંપગ્રસ્ત વિસ્તારને ઓછામાં ઓછા ચાર્જ જતો કરવા બાબત

# જોડાણ - ૧

**ઉર્જા - પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ નં.ઇઆરસી-૧૨૯૯-૩૩૪૯ કે તા.૨-૧૨-૨૦૦૦ મુજબ મંજુર થયેલી જગ્યાઓ દર્શાવતું કોષ્ટક**

| અનુ નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | જોઇન્ટ ડાયરેકર ( ટેરીફ ) | ૧ | રૂા. ૧૪,૩૦૦-૪૦૦-૧૮૩૦૦ |
| ૨ | નાયબ નિયામક ( ટેરીફ) | ૧ | રૂા. ૧૨,૦૦૦-૩૭૫-૧૬૫૦૦ |
| ૩ | નાયબ નિયામક ( વહેચણી અને વ્યવસ્થા ) | ૧ | રૂા. ૧૨,૦૦૦-૩૭૫-૧૬૫૦૦ |
| ૪ | ઇન્ફર્મેશન ટેકનોલોજી મેનેજર | ૧ | રૂા. ૮,૦૦૦-૨૭૫-૧૩૫૦૦ |
| ૫ | એકઝીકયુટીવ | ૩ | રૂા. ૫,૫૦૦-૧૭૫-૯૦૦૦ |
| ૬ | ડ્રાઇવર-કમ-એટેન્ડન્ટ | ૨ | રૂા. ૩,૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ |
| ૭ | પટાવાળા | ૨ | રૂા. ૨,૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ |
| | | | |
| | કુલ જગ્યા | ૧૧ | |